ખાતાકીય તપાસના કેસમાં ગુજરાત તકેદારી
આયોગનો પરામર્શ કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:જીવીસી/૩૨૨૦૦૦/૬૨૬/હ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 14 MAR 2014

**વંચાણે લીધા:-** (૧) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૧/૧૦/૨૦૦૪નો પરિપત્ર.

આ વિભાગના સંદર્ભમાં દર્શાવેલ તા.૨૧/૧૦/૨૦૦૪ના સરખા ક્રમાંકના પરિપત્રથી ગુજરાત તકેદારી આયોગ દ્વારા ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ ના નિયમ-૯-૧૦ હેઠળની ભારે શિક્ષાની કાર્યવાહી હાથ ધરવાની ભલામણ કરાયેલ હોય તેવા કેસમાં આક્ષેપિતને બજાવેલ આરોપનામા અન્વયે તેમણે રજુ કરેલ બચાવનામાની વિચારણાને અંતે કે ખાતાકીય તપાસની સંપુર્ણ કાર્યવાહી પુર્ણ થયા બાદ આક્ષેપિતને દોષમુક્ત કરવાનો શિસ્ત અધિકારીનો અભિપ્રાય હોય ત્યારે આક્ષેપિતને દોષમુક્ત કરતા હુકમો કરતાં પહેલાં, ગુજરાત તકેદારી આયોગનો દ્વિતિય તબક્કાનો પરામર્શ કરવા અંગેની વિગતવાર સુચનાઓ પરિપત્રિત કરાયેલ છે. આ સંબંધમાં કેટલાક મુદ્દાઓ અંગે સ્પષ્ટીકરણાત્મક સુચનાઓ પરિપત્રિત કરવાની બાબત વિચારાધીન હતી. સરકારશ્રી દ્વારા આ બાબતે કાળજીપૂર્વકની વિચારણા બાદ નીચે પ્રમાણેની સુચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

**પરિપત્ર:-**

(૧) ગુજરાત તકેદારી આયોગે ભારે શિક્ષાની કાર્યવાહી હાથ ધરવાની ભલામણ કરેલ હોય તેવા કેસમાં આક્ષેપિતે રજુ કરેલ બચાવનામાનો સ્વીકાર કરીને કે ખાતાકીય તપાસની સંપૂર્ણ કાર્યવાહી હાથ ધર્યા બાદ આક્ષેપિતને દોષમુક્ત કરવાનો શિસ્ત અધિકારીનો અભિપ્રાય હોય ત્યારે ગુજરાત તકેદારી આયોગના દ્વિતિય તબક્કાના પરામર્શ વખતે સંદર્ભમાં દર્શાવેલ તા.૨૧/૧૦/૨૦૦૪ના પરિપત્રના ફકરા-૪ માં ઉલ્લેખ કરાયેલ તમામ દસ્તાવેજોની નકલ સામેલ રાખી, આક્ષેપિત સામેના આરોપો નાસાબિત રહેતા હોવા અંગેના શિસ્ત અધિકારીના સ્પષ્ટ તારણો અને તે અન્વયે આક્ષેપિતને દોષમુક્ત કરવા માટેના સબળ અને પર્યાપ્ત કારણોને સચોટ રીતે સ્પષ્ટ કરતી સ્વયંપર્યાપ્ત (Seif explanatory) પ્રકરણ નોંધથી આવી દરખાસ્ત રજુ કરવાની રહે છે. પરંતુ જ્યારે પણ તકેદારી આયોગને આવા કિસ્સામાં પ્રકરણ નોંધ મોકલવામાં આવે છે ત્યારે મહદઅંશે અધુરી દરખાસ્તો મોકલવામાં આવે છે. આથી પુન: તે મંગાવીને તકેદારી આયોગનો અભિપ્રાય મેળવવામાં સમય વ્યતીત ન થાય તે માટે સંદર્ભ-(૧) હેઠળના તા.૨૧/૧૦/૨૦૦૪ના પરિપત્રની આ જોગવાઈનું તમામ કેસમાં અચૂકપણે પાલન થાય તે બાબત દરખાસ્ત રજુ કરનારે સુનિશ્ચિત કરવાની રહેશે.

(૨) જે કેસમાં ગુજરાત તકેદારી આયોગે એક કરતાં વધુ આક્ષેપિતો સામે સંયુક્ત તપાસ હાથધરી ભારે શિક્ષાની ભલામણ કરેલ હોય તેવા કેસમાં, ભલામણ કરાયેલ સંયુક્ત આક્ષેપિતો પૈકીના

કોઈ આક્ષેપિતને બચાવનામાની વિચારણાને અંતે કે ખાતાકીય તપાસની સમગ્ર પ્રક્રિયા સંપન્ન કર્યા બાદ દોષમુક્ત કરવાનો શિસ્ત અધિકારીનો અભિપ્રાય હોય ત્યારે આવા આક્ષેપિત સંબંધમાં દ્રિતિય તબક્કાનો પરામર્શ કરવો ફરજીયાત છે. પરતુ આવી દરખાસ્ત કરતી વખતે આયોગ દ્વારા કેસમાં ભલામણ કરાયેલાં અન્ય તમામ સહકસુરદારો સંબંધે હાથ ધરાયેલ કાર્યવાહી અને તેની અદ્યતન વિગતો પણ હવેથી પ્રકરણ નોંધની સાથે તકેદારી આયોગને રજુ કરવાની રહેશે.

(૩) સંદર્ભમાં દર્શાવેલ તા.૨૧/૪/૨૦૦૪ના પરિપત્રના ફકરા-૩ (એ) મુજબ ગુજરાત તકેદારી આયોગે ભારે શિક્ષાની ભલામણ કરેલ હોય તેવા કેસમાં બચાવનામાની વિચારણાને અંતે કે ખાતાકીય તપાસની સંપૂર્ણ કાર્યવાહી હાથ ધર્યા બાદ આક્ષેપિતને સંપૂર્ણ દોષમુક્ત કરવાનો શિસ્ત અધિકારીનો અભિપ્રાય થતો હોય તેવા કિસ્સામાં ગુજરાત તકેદારી આયોગનો દ્રિતિય તબક્કાનો પરામર્શ કરવાની જોગવાઈ છે. પરંતુ આક્ષેપિતનું અવસાન થયેલ હોય તેવા કિસ્સામાં આયોગની ભલામણવાળા આક્ષેપિત સામેની ખાતાકીય તપાસ, તેમના અવસાનના કારણોસર, પડતી મુકવા સંબંધમાં, સામાન્ય વહીવટ વિભાગના તા.૯/૨/૧૯૯૪ ના પરિપત્ર ક્રમાંક- સીડીઆર-૧૦૯૨-૧૫૯૦-ત.એ. મુજબ, ગુજરાત તકેદારી આયોગનો દ્રિતિય તબક્કાનો પરામર્શ કરવાની આવશ્યકતા રહેતી નથી.

૨. ગુજરાત તકેદારી આયોગનો દ્રિતિય તબક્કાનો પરામર્શ કરવા સંબંધમાં ઉપર પ્રમાણેની સુચનાઓ ધ્યાને લેવા તમામ શિસ્ત અધિકારીઓને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નિખિલ ભટ્ટ)
નાયબ સચિવ,
ગૃહ વિભાગ
ગુજરાત સરકાર.

**નકલ રવાના:-**

- સચિવાલયના સર્વે વિભાગો.
- સર્વે ખાતાના વડાઓ.
- સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)
- સર્વે બોર્ડ અને કોર્પોરેશન .
- સર્વે મુખ્ય તકેદારી અધિકારીઓ/તકેદારી અધિકારીઓ.
- સીલેક્ટ ફાઈલ.